# સરદાર એમોનિયમ સલ્ફેટ

**સરદાર અમોનિયમ સલ્ફેટના ગુણધર્મો**

૧.સરદાર અમોનિયમ સલ્ફેટ પાકને પોષણ આપે તેવું નાઇટ્રોજન તત્વ અને છોડના વિકાસ માટે ખુબજ અગત્યનું એવુ સલ્ફર તત્વ ધરાવતું શ્રેષ્ઠ ફર્ટીલાઇઝર છે.

૨.સરદાર એમોનિયમ સલ્ફેટમાં ૨૦.૬.ટકા નાઇટ્રોજન ઉપરાંત ૨૩ ટકા સલ્ફરના દુર્લભ તત્વો સમાયેલા છે.




૩.તેમાં રહેલું નાઇટ્રોજન તત્વ એમોનિકલ રૂપમાં હોવાથી તે પાણીમાં ઓગળીને જમીનમાં ઉંડે ઉતરતું નથી અને તેથી તેનો બગાડ થતો અટકે છે.તે જમીનમાં રજકણો સાથે ચોંટી રહી ધીમે ધીમે છોડને પોષણ આપે છે.

૪.સરદાર એમોનિયમ સલ્ફેટ પાણીમાં સંપુર્ણણે દ્રાવ્ય હોઇ તેમાં સમાયેલા પોષક તત્વોને છોડને સરળતાથી પુરેપુરો લાભ મળે છે

૫. તે હવામાંથી ભેજ સુસતું નથી અને તેથી તેનો સંગ્રહ કરવામાં સરળતા રહે છે.

૬. તે પાસાદાર હોવાથી ઓરવામાં સરળતા રહે છે.

૭. તે મિશ્ર ખાતર બનાવવા માટે ખુબ સગવડતાભર્યુ છે.

૮. તે સહેલાઇથી ઓરી પુંખી કે વેરી શકાય છે.

એમોનિયમ સલ્ફેટમાં રહેલા નાઇટ્રોજન અને સલ્ફરની અગત્યતા

**નાઇટ્રોજન તત્વનું મહત્વ**

૧. નાઇટ્રોજન છોડને વધારવામાં મદદ કરે છે.

૨. તેનાથી ઘેરો લીલો રંગ એટલે કે હરીદ્રવ્ય વધે છે.

૩. હરીદ્રવ્યમાં નાઇટ્રોજન વધારો કરતું હોવાથી છોડ પોતાનો ખોરાક વધુ પ્રમાણમાં અને ઝડપથી બનાવે છે. છોડની તંદુરસ્તી વધે છે.

૪. નાઇટ્રોજન છોડની પ્રોટીન બનાવવાની ક્રિયા વેગ આપે છે.

૫. પાંદડાની સપાટીનું ક્ષેત્રફળ વધવાથી પ્રકાશ સંશ્લેષણની ક્રિયાને વેગ મળે છે.

૬. કેટલીક જમીનમાં ગંધક સલ્ફર જેવા ગૌણ તત્વની કમી જણાઇ આવે છે.આવા સંજોગોમાં સલ્ફર તત્વ છોડના વિકાસમાં મહત્વનો ભાગ ભજવે છે.

૭. નાઇટ્રોજનની અછતને લીધે છોડનો વિકાસ અટકે છે.અને પાન પીળા પડે છે.

**સલ્ફર તત્વનુ મહત્વ**

૧.સલ્ફર મુળની વૃધ્ધિમાં મદદ કરે છે.

૨.તે છોડવાના લીલા રંગમાં વધારો કરે છે.હરીદ્રવ્ય વધવાની સાથે રોગ પ્રતિકારક શકિત પણ વધે છે.

૩.કઠોળ દ્વિદળ પાકના મુળમાં ગાંઠો વધારે સંખ્યામાં વિકસે છે જેથી હવામાંથી નાઇટ્રોજનનું સ્થિરીકરણ વધુ જથ્થામાં થાય છે અને પરિણામે જમીન ફળદ્રુપ બને છે.

૪.સલ્ફર છોડને એકંદરે વિકાસ તથા ફુટ વધારવામાં મદદ કરે છે.

૫.તે પાકને જરૂરી પોષણ પણ આપે છે અને તેથી પાકની ગુણવતા સુધરે છે ને ઉત્પાદનમાં વધારો થાય છે.

૬.તે જમીનની ખારાસ દુર કરે છે અને ખારી જમીન નવસાધ્ય કરવામાં ખુબજ ઉપયોગી છે.

૭.તૈલી પાકોના ઉત્પાદન માટે સલ્ફર એક મુખ્ય તત્વ છે.

**સરદાર એમોનિયમ સલ્ફેટ વાપરવાની ઉતમ રીત ઃ**

૧.એમોનિયમ સલ્ફેટ વાવણી પહેલાં બીજા ફર્ટીલાઇઝર્સ સાથે ઓરીને આપવું.

૨.આ ફર્ટીલાઇઝરને બિયારણ સાથે ભેળવવું નહી.

૩.એમોનિયમ સલ્ફેટ પાકનો થોડોક વિકાસ થયા પછી પુરક ફર્ટીલાઇઝર તરીકે ઉતમ છે.

૪.તે એક સાથે ન આપતા હપ્તે હપ્તે આપવું.

૫.જ્યારે દરેડીને ચાસની બાજુમાં પટ્ટીના રૂપમાં આપવામાં આવે ત્યારે તેને વચલી ખેડ કરી માટી સાથે ભેળવી દેવું.

૬.મિશ્રણ બનાવવા કોઇપણ ફર્ટીલાઇઝર સાથે એમોનિયમ સલ્ફેટ ભેળવી શકાય છે.પણ ચુનો ધરાવતા ફર્ટીલાઇઝર સાથે તેનું મિશ્રણ કરવું નહી.

૭.તે ડાંગર તમાકુ અને શાકભાજી તેજામ બીજા પાક માટે શ્રેષ્ઠ ફર્ટીલાઇઝર છે.